# ખોટાં આગેવાનો

## ડહાપણ, ચેતવણી તથા માર્ગદર્શિકા

- ખોટા આગેવાનો કોણ છે
- તેઓને પ્રેરણા ક્યાંથી મળે છે
- તેઓને પ્રવેશ કેવી રીતે મળે છે
- તેઓ કેવી રીતે કાર્ય કરે છે
- તેઓ લોકો પર અસર કેવી રીતે ઉપજાવે છે

- તેઓ શું શીખવે છે
- તેઓનું શું થશે
- આપણો પ્રતિભાવ કેવો હોવો જોઈએ
- કેટલાંક શાસ્ત્રભાગો આપણા વિચારવા જોઈએ

પરીચય

ભ્રમણાને ભપકાદાર બનાવીને તેના પર શાસ્ત્રભાગોનો છંટકાવ કરીને તેને આકર્ષક ઉપદેશકોની મારફતે તેનો પ્રચાર કરા.ય છે. તે પછી ચેપી રોગચાળાની જેમ ફેલાય છે.

ઈસુ તથા પ્રેરિતોએ શીખવ્યું કે જેમ પ્રભુનું પાછું આગમન નજીક આવશે તેમ તેમ છેતરનારાઓ તથા તેઓની તરકીબો વધતા જશે. ગમે તે વ્યક્તિ ખોટા આગેવાનો તથા શિક્સકો પાછળ ભટકી જઈ શકે. ઈસુ તથા પ્રેરિતોએ શિક્સણ તથા નમૂનો આપ્યો કે દેવના રાજ્યના આગેવાનો કેવા હોવા જોઈએ અને કેવા ન હોવો જોઈએ. ઈસુ બધા વિશ્વાસીઓને હિસાબદાર ઠરાવશે. તે બધા ખોટા આગેવાનોનો ન્યાયીપણે ન્યાય કરશે.

આપણે રાજાઓના રાજાના વિશ્વાસુ અનુયાયી બનીને ઈશ્વરમય હૃદય તથા ચરિત સાથે તેમને પ્રગટ કરવાની ઈચ્છા રાખીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે બીજાઓ પણ ખ્રિસ્તની કન્યા-અર્થાત તેમની મંડળીની તંદુરસ્તી તથા વૃધ્ધી માટે એમે જ કરે.

આપણે ઈસુ ખ્રિસ્તની સુવાર્તાની શુદ્ધતા તથા ફેલાવા માટે બોજ ધરાવીએ છીએ. આપણને ખરેખર ચિંતા છે. કેમ કે આ જગતમાં ઈસુ તથા તેમના રાજ્યનું કાર્ય આપણો ધ્યેય છે તેનાથી કેટલા બધા ભમાવનારા ખોટા આગેવાનો ચલિત થઈ ગયા છે. આ નાશકારક વાસ્તવિક્તાને આપણે ગંભીરપણે લેવી જોઈએ.

**આપણા ધ્યેય**

ખોટા આગેવાનોને ઓળખવા તથા તેઓની સાથે કેવી રીતે વર્તવા માટે મદદરૂપ થવા આ સરળ સાધન વિશ્વાસીઓને પૂરૂ પાડવામાં આવે.

ખોટા આગેવાનો વિશે આંતરરાષ્ટ્રિય સૂઝ અને સમર્થન ધરાવતા નવા કરારનું શિકણ પૂરૂ પાડવામાં આવે.

આ વિષયને આવરી લેવા નમ્ર સૈધ્ધાંતિક પોતાની જાતને પ્રતિબિંબીત કરે અને છણાવટ કરતી રીતો પૂરી પાડવામાં આવે.

આગેવાનોને વિશ્વાસુ ખ્રિસ્ત કેન્દ્રીત આગેવાની માટે આમંત્રણ આપવામાં આવે.

**પ્રાર્થના**

પ્રભુ તમે મારા આંતરિક મનુષ્યત્વમાં સત્યતા ચાહો છો. હું કબૂલ કરૂ છું કે તમારૂ સન્માન ન જળવાય એવા વલણો તથા વર્તનો પ્રત્યે હું આંધળો હોઈ શકું છું. મારા અંગત જીવનમાં તથા જેઓ મારા પ્રભાવ હેઠળ હોય તેઓ મધ્યે હું ઈચ્છુ છું કે ઈસુ પ્રત્યેના ફોકસમાં શુધ્ધતા હોય. મારા અંગત જીવનમાં તથા સેવાકાર્યમાં આ વિષય જોવા માટે કૃપા તથા તેને કેવી રીતે આવરી લેવો તે જાણવા માટે ડહાપણ આપો. મારી આસપાસ ધુમતી છેતરપીંડી જોવા માટે મારી આંખો ખોલો. આ છેતરપીંડી કરનારાઓએ બીજા લોકો પર પ્રભાવ પાડવા માટે, કેવી રીતે મારો ઉપયોગ કર્યો છે તે મને જોવા દો. પ્રભુ, હું તમને સન્માન તથા મહિમા આપવા ઝંખુ છું. ઈસુના નામમાં આમેન.

**આ ખોટા આગેવાનો કોણ છે ?**

ખોટા આગેવાનો લોકોનું ધ્યાન પ્રભુ ઇસુ ખ્રિસ્ત પરથી અવળી દિશામામં ભટકાવી દે છે. તેઓ પવિતશાસ્ત્રને પોકળ બનાવીને તેનો દૂરૂપયોગ કરીને સંતોને ભટકાવી દેશે. (1તિમોથી 4:3-4, 1 યોહાન 4:1-6, યહૂદા 4).

બીજાઓને ગેરમાર્ગે દોરનારા એવા ચાર પ્રકારના આગેવાનો આપણા જોવામાં આવે છે. (પ્રેરિતોના કૃત્યો 18:24-28)

કેટલાંક પાપમાં જીવે છે અથવા તેઓ જગતની રીત-રીવાજો, વિચારધારા અને માર્ગ પસંદ કરે છે.

કેટલાક છેતરાઈ જાય છે, તેઓ કદાચ સાચા વિશ્વાસી ના પણ હોય.

કેટલાક તેમના બાપ શેતાનથી દોરવાય છે.

નવા કરારમાં ખોટાં આગેવાનોના જુદા જુદા નામો અપાયા છે.

- જુઠા પ્રબોધકો (માત્થી 7:15-23)
- શેતાનનાં દીકરાઓ (યોહાન 8:14)
- આંધળા મૂર્ખાઓ (માત્થી 23: 16-26)
- સર્પના વંશજો (માત્થી 21:33)
- ઢોંગીઓ (માત્થી 23:1-16, લૂક 12:1-3)
- ખોટા શિક્ષકો (2 પીતર 2:1)
- ખોટા પ્રેરિતો ( (2 કોરંથી 11:12-15)
- ખ્રિસ્ત વિરોધી (1યોહાન 2:18-22)
- ભમાવનારા (2યોહાન 7-8)
- વિગેરે (2 પિતર 2:17, યહુદા 12-13)

**ચેતવણી** : કેટલાંક લોકોના વર્તન તથા માન્યતાઓ સાથે કદાચ આપણે સંમત ન થતા હોય.

**થોડો સમય ચર્ચા વિચારણા કરવામાં કાઢો**

1. ખોટા આગેવાનો તથા ખોટુ શિક્ષણ તપાસવામાં મારો અનુભવ શું રહ્યો છે
2. ખોટા આગેવાનો દ્વારા થયેલું નુકશાન શું મારા જોવામાં આવ્યું છે
3. મારા માટે આ વિષય કેમ મહત્વનો છે

## કઈ બાબત તેઓને પ્રોત્સાહન આપે છે ?

ખોટા આગેવાનો પાસે તરેહ તરેહના પાપી ઉદ્દેશ હોય છે. તેઓ

શેતાનના કૃત્યો કરવા માંગે છે. (યોહાન 8:41-44)

લોકોને અંકુશમાં રાખી સત્તા જમાવવા માંગે છે (3 યોહાન 9-11)

પવિત્ર શાસ્ત્ર તથા પ્રભુના સાચા સેવકોનો અધિકાર પોકળ બનાવવા ઈચ્છે છે. (ફીલીપી 1:15-17, 2પીતર 3:12)

લોકો તરફથી પ્રસંશા તથા સન્માન પામવા ચાહે છે. (માત્થી 23: 5-7, યોહાન 12 : 42-43, ગલાતી 1:10)

અંગત નાણાકીય લાભ શોધે છે. (યોહાન 12:4-8, ર પીતર 2:3, 2 પીતર 2:12-16).

પોતાની દૈહિક જીવનશૈલીમાં વધારો કરવાનું શોધે છે. (2 પિતર 2:17-22)

પોતાનું શિક્ષણ ફેલાવે છે. (1 તિમોથી 1:3-7)

ખોટા આગેવાનનો ઉદ્દેશ્ય સમય જતા તથા પારખના પ્રકાશમાં આવશે. તેઓનો ઉદ્દેશ પારખવા માટે તેઓના શબ્દો, જીવન તથા સેવાકાર્યના ફળનું અવલોકન કરો. (માત્થી 7:15-20, માત્થી 12:13-377, ગલાતી 5:19,25 1 તિમોથી 5:24).

**થોડો સમય ચર્ચા-વિચારણામાં કાઢો.**

1. ભૂતકાળમાં બીજાઓના ઉદ્દેશ કેવી રીતે પારખ્યા છે
2. ખોટા આગેવાનોના ઉદ્દેશ પારખવામાં ફળ તપાસવાનો સિદ્ધાંત મને શી રીતે મદદરૂપ થાય છે
3. જો ફળથી ઉદ્દેશ પ્રકાશમાં આવતો હોય તો, મારા જીવનમાં કયા ફળ કયા ઉદ્દેશને ઉઘાડા પાડે છે.

## તેઓ શી રીતે પ્રવેશ મેળવે છે?

ખોટા આગેવાનો આપણી મધ્યે ઘણી બધી રીતે આવી જાય છે. તેઓ

- ગુપ્ત રીતે ઘૂસ મારે છે. (પ્રેરિતોના કૃત્યો 20:28-31, 2કોરંથી 11:14-15)
- લોકોને પ્રબળ દૈહિક ઈચ્છાઓથી આકર્ષે છે. (2 પીતર 2:1-3, યહૂદા 4)
- લોકોને જે સાંભળવાનું ગમે તે બોલે છે. (2 તિમોથી 4:3,2, 2પિતર 2:1-3)
- અસ્થિર અને નબળા લોકોને શોધે છે. (2 તિમોથી 3:6-7)
- છુટકારો અપાવનારા અથવા પોતે ખ્રિસ્ત હોવાનો દાવો કરે છે. (માત્થી 24:5)
- પાલળી નાખે તેવી વાતો કરે છે. (રૂમી 16:17-18)
- ગૃપની અથવા ટોળાઓની નાણાકીય સહાય વાપરે છે. (ગલાતી 2:11-24).
- ખ્રિસ્તની પાછળ ચાલવાનું અવગણીને જગિત ડહાપણ તથા સિદ્ધાંતો વાપરે છે. (ગલાતી 2:8)

**થોડો સમય ચર્ચા – વિચારણામાં કાઢો.**

1. મારી નજરે ખોટા આગેવાનો અથવા જૂઠા શિક્ષકો કેવી રીતે સેવાકાર્યોમાં ઘૂસ મારે છે.
2. મારી સંસ્કૃતિમાં, ખોટા આગેવાનો વિશ્વાસીઓના ગૃપમાં ઘૂસવાનો કયો સૌથી સરળ માર્ગ અપનાવે છે
3. જ્યારે હું આ તરકીબો વપરાતી જોઉ છું ત્યારે મારી અંદર મને કઈ ચેતવણીની લાલ ઝંડીનો અનુભવ થાય છે.

## તેઓ કેવી રીતે કાર્ય કરે છે?

- ખોટા આગેવાનો ખતરનાક રીતે કાર્ય કરતા હોય છે. તેઓ
- ન્યાયીપણાના સેવકો તરીકે વેશ ધારણ કરે છે. (2 કોરંથી 11:12-15)
- ઈશ્વરના અધિકારને હલકો ગણીને આડી-અવળી જાતિય લાલસાને અનુસરે છે. (2 પિતર 2:10, 18)
- પદવી તથા સત્તા ધારણ કરીને પોતે મહત્ત્વના હોવાનો દાવો કરે છે. (માર્ક 12:38-40, લૂક 22:24-27)
- ખોખલી-ચીલાચાલુ માન્યતાઓ, અંધશ્રધ્ધા અથવા બીકનો ઉપયોગ કરીને ગરબડ-ગોટાળા કરે છે. (કોલોસી 2:8).
- પવિત્ર આત્માથી વિમુખ જગિત મનવાળુ શિક્ષણ અને તરકીબો દ્વારા ભાગલા પાડે છે. (યહુદા 16,19)
- પોતાની સત્તા તથા મોભો જાળવી રાખવા માટે જગિક પદ્ધતિઓ અને તરકીબો વાપરીને લોકો સાથે જોહૂકમી, નિયંતણ તથા રમત કરે છે. (3 યોહાન 9-11)
- લાભ મેળવવા માટે પ્રભાવશાળી વક્તવ્ય અને ખુશામત વાપરે છે. (રૂમી 16:17-18, યહુદા 16)
- લોકો તરફથી પ્રસંશા તથા સન્માન મેળવવા માટે પોતાની તરફ ધ્યાન આકર્ષે છે. (2 કોરંથી 5:12, માત્થી 6:1-18)
- બીજાઓને છેતરતી વખતે બહુ પ્રેમાળ તથા વિશ્વાસુ હોવાનો દેખાવ કરે છે. (માર્ક 12:38-40)
- પોતાની કુદરતી ઈચ્છાઓને અનુસરે છે. (ફિલીપી 3:18-19)
- માત્ર પોતાની કાળજી લે છે. (યહૂદા 12).

**થોડો સમય ચર્ચા – વિચારણામાં કાઢો**

1. મારી સંસ્કૃતીમાં ખોટા આગેવાનો સામાન્ય રીતે કેવી રીતે વર્તે છે
2. મારી વર્તણુક ક્યારે ખોટા આગેવાન જેવી રહી.
3. આ ખોટા આગેવાનોના વર્તનની યાદી મને કેવી રીતે પ્રેરણા કે ચેતવણી આપે છે.

## તેઓ કેવી રીતે લોકો પર પ્રભાવ પાડે છે?

- નકારાત્મક દુર્મત પર વિશ્વાસ કરવા માટે છેતરાયા હોય (2 પિતર 2:1)
- પ્રભુના બદલે ખોટા આગેવાનોના અનુયાયી છળ-કપટથી બનાવવામાં આવ્યા હોય. (માત્થી 24:9-14, પ્રેરિતોના કૃત્યો 20:29-30, 3યોહાન 9-11)
- દૈહિક રીતો અપનાવવા માટે આજીજીવશ થયા હોય (2 પિતર 2:2, 17-

- 19)
- નાણાંકીય શોષણનો ભોગ બન્યા હોય (2 પિતર 2:3)
- ગેર-લાભ, ઈર્ષા, ભાગલા, નિંદા, ભૂંડી શંકા, અને એકધારા ઘર્ષણમાંથી પસાર થયા હોય. (1 તિમોથી 6:3-5, 2 પિતર 2:14-19)
- વારંવાર સમજાવવાથી ખ્રિસ્તને તુચ્છ ગણવા, સત્યનો વિરોધ કરવા અને દૈહિક વાસનાઓને અનુસરવા વિવશ કર્યા હોય. (2 તિમોથી 3:1-9)
- ગુંચવાયેલા તથા હતાશ હોય (ગલાતી 1:7, ગલાતી 5:10, તીતસ 1:10-12).

**થોડો સમય ચર્ચા વિચારણા માટે કાઢો**

1. મેં ખોટા આગેવાનોને વ્યક્તિગત કેવું નુકશાન પહોંચાડતા જોયા છે.
2. ખોટા આગેવાનોએ મને કેવી રીતે નુકશાન પહોંચાડ્યુ છે.
3. એ નુકશાનથી મને કેવી લાગણી થાય છે.

**તેઓ શું શિક્ષણ આપે છે ?**

- ખોટા આગેવાનો માર્મિક ભૂલો, અર્ધ સત્યો, અથવા છડેચોક ભૂલો અને જુઠાણું શીખવતા હોય છે.
- ઈસુના જીવન, સેવા, કાર્યો તથા અધિકારને પોકળ બનાવી શકે (કોલોસી 2:8, 1 યોહાન 2:18-24)
- ખોટી માન્યતાઓ તથા વિરુદ્ધ સિધ્ધાંતોનો ફેલાવો કરી શકે (માર્ક 7:1-16, રૂમી 16:17-18, 2 કોરંથી 11: 3-4, ર પિતર 2:1)
- સત્યનો વિરોધ કરે અથવા અર્ધસત્યો પર ભાર મૂકે (1 તિમોથી 1:3-7)
- 1 તિમોથી 6:3-5, 2 તિમોથી 1:8, 2 પિતર 3:14-17)
- પવિત્ર શાસ્ત્ર સાથે ચેડા કરે અથવા પોતાના હેતુ પાર પાડવા માટે અમૂક કલમોને તેના સંદર્ભ વગર લઈ શકે (માત્થી 4:11, 2 પિતર 3:14-17)
- ઈશ્વરના નામોની ઉપરવટ જઈને માનવીય તથા જગીક વિચારો તથા કૃત્યોને ઊંચા ચઢાવી શકે (કોલોસી 2:8, 2 તિમોથી 2:16-18, 2 પિતર 2:18-19)
- સુવાર્તા સાથે ચેડા કરી શકે. (ગલાતી 1:6-10)
- લોકોને દૈહિક વાસનાને અનુસરવા માટે લલચાવી શકે (યહૂદા 4, પ્રક્ટિકરણ 2:14-20)

**થોડો સમય કાઢીને ચર્ચા વિચારણા કરો**

1. મારી સંસ્કૃતિમાં એવું કયું ખોટું શિક્ષણ ચાલી રહ્યું છે
2. એવું કયું ખોટું શિકણ પવિત્ર શાસ્તમાં ખોટો આશરો લઈને તેને પોકળ બનાવવા માગે છે.
3. ખોટા શિક્ષણની યાદીમાંથી કઈ બાબતો મને પ્રોત્સાહન અથવા ચેતવણી આપે છે

## તેઓનું શું થશે?

- પ્રભુ પ્રત્યે ખોટા આગેવાનોને ચેતવણી, ઠપકો આપીને તેઓને દોષિત ઠરાવે છે.
- ઈસુ પ્રભુ, રાજા અને ન્યાયાધીશ છે, આપણા પ્રત્યેકનું મૂલ્યાંકન કરવામાં આવશે અને પ્રભુના ધોર પ્રમાણે આપણે તેમને હિસાબ આપવો પડશે. (યોહાન 5:22-23, 2:89-11, યાકૂબ 3:1)
- કેટલાંક ખોટા આગેવાનો કદાચ સાચા વિશ્વાસી હશે, પણ પોતે ભમાવવામાં આવ્યા હશે. તેઓને અગ્નિમાંથી પસાર થઈને શુધ્ધ કરવામાં આવશે અને તઓ પોતાનું ઈનામ ગુમાવશે, પણ છેવટે બચી જશે. (1 કોરંથી 3:12-15, 2 યોહાન 7-10)
- તેઓને અફસોસ, જે ખોટા આગેવાનો ખ્રિસ્તમાં નથી (પ્રભુ જાણે છે તેઓ કોણ છે) ...તેઓને અંધકારના સનાનત બંધનમાં રાખી મૂક્યા છે.(માત્થી 13:24-30, માત્થી 13:36-43, માત્થી 23:29-33, ફીલીપી 3:18-19, પિત્તર 2 :3-10, 17, યહૂદા 5-16)

ખોટા આગેવાનો માટે માત્થી 23માં ઈસુના ન્યાયી ગુસ્સાની નોંધ લેશો. તે તેઓનો ન્યાય સખ્તાઈથી કરશે.)

**થોડો સમય ચર્ચા-વિચારણામાં કાઢો.**

1. ખોટા આગેવાનો માટે ઈસુના સખત વલણ સંબંધી મને કેવી લાગણી થાય છે
2. મારા જીવન તથા કાર્ય સંબંધી મારે ઈસુ સમક્ષ ઊભા રહેવું પડશે તે વાસ્તવિક્તાને મારા ઉદ્દેશ, કૃત્યો અને શિક્ષણને કેવો આકાર આપવો જોઈએ.
3. બીજાઓને ખરેખર ભમાવનારા ખોટા આગેવાનો માટે આપણે જે સંત રાહ જોઈ રહ્યો છે તેઓ માટે મને કેવી લાગણી થાય છે

## આપણે આનો કેવો પ્રત્યુત્તર આપવો જોઈએ

ખોટા આગેવાનો સાથે આપણે કેવો વ્યવહાર કરવો તે સંબંધી ઈસુ અને તેમના પ્રેરિતો સ્પષ્ટ  સૂચના તથા ઉદાહરણ પૂરા પાડે છે. તેઓ આવા આગેવાનોનું વર્ણન કરે છે, તેઓ વિષે ચેતવણી આપે છે, તથા તેઓના શિક્ષણની ભૂલો, ચારિત્ર્ય, ઉદ્દેશ, કૃત્યો તથા તેની અસરો પર પ્રકાશ પાડીને ઉઘાડા પાડે છે. કેટલીક વાર તેઓના નામ લઈને તેઓને ધમકાવે છે.

<u>આપણને વ્યક્તિગત રીતે સૂચના મળે છે.</u>

- આપણે આપણી જાતોને શુદ્ધ કરવા, સુધારવા તથા ન્યાયીપણામાં તાલીમ મેળવીએ. (2 તિમોથી 3:14-17, 1 યોહાન 1:7-10)
- શેતાનના હૂમલા સામે સજાગ રહીએ (2 કોરીંથી 10:3-4, એફેસી 6:10-18, યાકૂબ 4:4, 1 પિતર 5:8)
- પ્રભુ પોતાના લોક પાસે માગે છે તે તમે સુસંગત જીવનોનું ચારિત્રનું તથા સંબંધોનું રૂપાંતર કરીને આપણા જીવનમાં શિક્ષણને અને આગેવાનીમાં કોઈ પાપ હોય તો તેને કબૂલ કરીએ.
- (2 તિમોથી 2:22, 1 યોહાન 1:9)
- (રૂમી 1:1-16સ 27, ગલાતી 1:6-10)
- એવા મેન્ટર યા ભરોસાપાત વિશ્વાસીઓ શોધી કાઢો કે જે આપણને કોઈ પણ રૂપમાં ખોટી આગેવાની આપવા તરફ લઈ  જતા આપણા ઉદ્દેશ અને કાર્યો પારખવામાં તથા આપણને પસ્તાવો કરવા તથા પ્રભુની માફી સ્વીકારવામાં મદદરૂપ થાય. (2 તિમોથી 3:10-17)

### આપણી સેવામાં આપણને બોધ આપવામાં આવ્યો કે આપણે

- બીજાઓને ભમાવતી બાબતો તથા ખોટા આગેવાનો સંબંધી દોરવણી આપીએ. (માત્થી 23:1-36, પ્રેરિતોના કૃત્યો 20:28-31, 2તિમોથી 3:1-17).
- અવિશ્વાસીઓને તૈયાર કરીએ જેથી હવે પછી તેઓ બાળકોના જેવા માણસોની ઠગાઈથી, ભ્રમણામાં નાખવાની કાવતરાભરેલી યુક્તિથી, દરેક ભિન્ન ભિન્ન મતરૂપી પવનથી ડોલા ખાનારા તથા આમતેમ ફરનારા ન થાય. (એફેસી 4:12-15, 2તિમોથી 4:1-5, 2 પિતર 3:1-18)
- ખોટા શિક્ષણ વિષે સજાગ તથા સચેત રહેવા માટે તથા ખોટા આગેવાનોને અને તેઓની છેતરપીંડી ઉઘાડી પાડવા માટે બીજાઓ સાથે મળતા રહીએ. (પ્રેરિતોના કૃત્યો 15:1-14, પ્રેરિતોના કૃત્યો 20:25-32).
- એવા ખોટા આગેવાનોને છોડાવવા માટે પ્રયત્ન કરીએ જેઓના ઈરાદા દુષ્ટ નથી પણ જેઓએ ભૂલથાપ ખાધી થે પણ જગિક છે. પ્રભુની દોરવણી પ્રમાણે આવી ભૂલાવામાં પડેલી કોઈ વ્યક્તિ પાસે અંગત રીતે જઈશુ, અને જો તે ન માને તો બે-જણાને સાથે લઈને સમજાવવા પ્રયત્ન કરીશું. તો ભલુ થશે. (માત્થી 18:15-17, લૂક 17:1-4, ગલાતી 2:11-21, ગલાતી 6:1-5)
- નમ્રતા તથા સભ્યતા સાથે ખોટા આગેવાનોને ઠપકો, બોધ અને શિક્ષણ આપીએ તથા તેઓને દૂર રાખીએ તથા નકાર કરીએ.. (રૂમી 16:10-18), 2 તિમોથી 2:14-19, 2 તિમોથી 2:24-16, તીતસ 1:10, 2 યોહાન 7-11, 3 યોહાન 9-11, યહૂદા 3-4.

**થોડો સમય આપો – વિચારણામાં કાઢો**

1. મારા જીવનના કયા એવા વિચારો છે જેમાં મારે ઈસુના માર્ગે ચાલવા વધુ ઘડાવાની જરૂર છે.
2. આ સત્યો પર ચર્ચા કરી શકે એવા ભરોસાપા6 વિશ્વાસી મિત્રો કોણ હશે.
3. કોઈ ખોટા આગેવાન સાથે મારે વ્યક્તિગત વાત કરવાનું થાય તો હું શું કરીશ
4. મારા પ્રભાવ હેઠળના વર્તુળમાં આવતા લોકોને તૈયાર કરવામાં તથા દોરવણી આપવામાં હું આ પત્રીકાનો ઉપયોગ કેવી રીતે કરીશ.

**સંદર્ભ-આધાર બિંદુઓ**

## બાઈબલ આધારિત કેટલાક (જડ ઘાલેલા સત્યો) સંદર્ભને ધ્યાનમાં લેવા જોઈએ.

શેતાન જૂઠાણું ઉપજાવનાર છે તે જગતને કાબૂમાં રાખે છે, તથા ખ્રિસ્ત સંબંધી બાબતો પ્રત્યે આંધળી કરે છે. શેતાન ભમાવનાર છે. તે પ્રકાશના દૂતનો વેશ ધારણ કરે છે. શેતાન ખોટા આગેવાનોને ન્યાયીપણાના સેવકોના વેશમાં રજૂ કરે છે. (યોહાન 8:14-47, 2 કોરીંથી 4:4, 2 કોરીંથી 11:13-14, એફેસી 2:2, એફેસી 6:12).

પ્રભુ ઇસુએ તથા પ્રેરિતોએ ચેતવણી આપી કે ખોટા આગેવાનો સંતો મધ્યે ઘૂસણખોરી કરશે, તેઓને છેતરશે અને ગેરમાર્ગે દોરશે. સુવાર્તામાં, પ્રેરિતોના કૃત્યો તથા ફિલેમોન અને યાકૂબના પત્રો સિવાયના નવા કરારના દરેક પત્રમાં ખોટા આગેવાનોનો ઉલ્લેખ કરાયેલો છે. (માત્થી 25:5,24, પ્રેરિતોના કૃત્યો 20:29-32).

ખોટા આગેવાનો વારંવાર આ ચાર બાઈબલ આધારિત (જડ ઘાલેલા સત્યો) માંથી એક યા વધારેની અવગણના કરશે અથવા તેને પોકળ બનાવવા પ્રયત્ન કરશે.

1. ત્રિએક ઇશ્વર, ત્રણ સનાતન અને સરખી વ્યક્તિઓ છતાં ઐક્યમાં – એ આપણો પાયો છે. (માત્થી 28:19, યોહાન 6:27, યોહાન 16:5-11, પ્રેરિતોના કૃત્યો 5:3-4, 2કોરીંથી 16,14 હિબ્રુ 1:8)
2. ઈસુ ખ્રિસ્ત, ઈશ્વર પુત્ર, વધસ્તંભે જડાયા, કબરમાં મૂકાયા, મૃત્યુમાંથી ઉત્થાન પામ્યા, અને અત્યારે ઈશ્વરપિતાને જમણે હાથે બિરાજમાન છે, અને પાછા આવી રહ્યાં છે, તે આપણા જીવનનું તથા સેવાકાર્યનું કેન્દ્રબિંદુ હોવુ જોઈએ. સ્વર્ગમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર તેમને છે. (માત્થી 28:18, 1 કોરીંથી 1:23, કોલોસી 1:15-23, કોલોસ્સી 3:1-4, 1 યોહાન 4:1-6, પ્રક્ટિકરણ 1:7)
3. સુવાર્તા જે પ્રભુ ઈસુના જીવન તથા સેવાકાર્ય પર પ્રકાશ પાડે છે, તથા જેને રૂમીઓને પત, ગલાતીઓને પત તથા શાસ્ત્રભાગમાં વર્ણવાયેલી છે, તે સચોટ તથા સ્પષ્ટ હોવી જોઈએ. (રૂમી 1:1-17, 27, ગલાતી 1:6-10)
4. જૂનો કરાર તથા નવો કરાર નિર્મળ તથા એકમાત્ર સાચુ અધિકૃત પ્રમાણે છે જે દ્વારા સર્વ આગેવાનો, શિક્ષકો અને તેઓના શિક્ષણને સાચુ-ખોટુ સાબિત કરી શકાય. (2 તિમોથી 3:16-17, 2 પિતર 7:16)

<u>પ્રાર્થના</u>

પ્રભુ મારૂ હ્રદય તપાસો. મારા જીવનમાં ખોટા આગેવાનના કોઈ લક્ષણો કે ઉદ્દેશ છે (સમય ફાળવીને આ સવાલ સંબંધી પ્રભુનું મુખ શોધો. પવિત્ર આત્મા તમારા જીવનમાં આગેવાનીમાં યા સેવાકાર્યમાં કોઈ પાપ ઉઘાડુ પાડે તો તે કબૂલ કરો).

પ્રભુ આ વિષય ભારે છે. મારાથી આ નહી ઉઠાવી શકાય. હું જાણું છું કે હું સંપૂર્ણ નથી પણ તમારી કૃપા થકી તમારા કાર્ય માટે હું મારી જાતને શુદ્ધ કરવા ચાહુ છું. મને ગમતી બાબતો બાજુ પર મૂકીને, નમ્રતા અને વિશ્વાસુપણામાં હું તમને અનુસરીને તમારી તથા તમારા રાજ્યની સેવા કરવા માગુ છું. મારી અંદર શુદ્ધ હ્રદય ઉત્પન્ન કરો અને આત્માને નવો તથા દ્રઢ કરો. પિતા, પુત તથા પવિત આત્માના નામમાં આમેન.

ખોટા આગેવાનો લેખના લેખકો તથા સંપાદકો 21 દેશોમાંમાંથી 30 ચર્ચ ડીનોમિનેશન તથા મિનીસ્ટ્રી સંસ્થામાંથી આવેલા 39 સેવાકીય ક્ષેત્રના આગેવાનો છે. વધુ જાણકારી માટે જુઓ falesleaders@manhatan.org

આ પત્રિકા બીજાઓ સુધી પહોંચાડો.

**Mentor Link**

FalesLeader@mentorLink.org